| | |
|---|---|
| **અગ્રતા ક્રમ:-૭ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૬૧**<br>**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – અરવિંદભાઇ લાડાણી, (માણાવદર)**<br>**"જૂનાગઢ જિલ્લામાંથી નકલી ડી.વાય.એસ.પી. પકડવા બાબત"** | |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:-શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ)** | |
| **પૂરક પ્રશ્ન (૨)** | **જુનાગઢના કેસમાં છેતરપીંડી, વિશ્વાસઘાતની રકમ પરત કરવાની વાત કરી છે. હું માન.મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે ગુનાના મુદ્દામાલ પરત કરવા અંગે રાજ્ય સરકારે કેવા પ્રકારની કામગીરી કરી છે ? તો તેની વિગત જણાવશો.** |

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

સમગ્ર રાજયમાં વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે વિવિધ ગુનાઓમાં કબજે લીધેલ મુદ્દામાલ નામદાર કોર્ટના સંકલનમાં રહી ઝડપ થી હુકમ મેળવી ફરીયાદી / અરજદારશ્રીઓને પોતાનો મુદ્દામાલ સરળતાથી મળી રહે અને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા ન પડે અને તેઓનો સમય અને શક્તિ બચે તેવા આશયથી પ્રજાની સરળતા માટે એક નવી પહેલ શરૂ કરવામાં આવેલ.

જે અંતર્ગત દરેક પોલીસ સ્ટેશન ખાતે કબજે થયેલ મુદ્દામાલ કબજે થયા બાદ ખુબજ ઓછા સમયમાં નામદાર કોર્ટમાંથી પરત સોંપવા અંગે હુકમ મેળવી તે મુદ્દામાલ લોક દરબાર/ જાહેર કાર્યક્રમ યોજી ફરીયાદી/અરજદારશ્રીઓને તેઓનો પરત આપવાની કામગીરીની નવી પહેલ "તેરા તુજકો અર્પણ" શરૂ કરવામાં આવેલ છે.

- **મેળવેલ સિધ્ધી:-**

સમગ્ર રાજયમાં મહાનગરોથી લઈને આદિજાતી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારને આવરીને ૧૨૦ કાર્યક્રમ કરીને ૧૪૫ કરોડનો મુદ્દામાલ પરત આપવામાં આવેલ છે.